
અરેઅરી ચાલો
ગાંડીયુ

બીજી માળા : ૧૧

ખરેખરી વાતો

કહેનાર

નટવરલાલ વીમાવાળા

૪૧




પ્રકાશક ગાંડીવ સાહિત્ય મંદિર સુરત

મુદ્રક: પ્રકાશક
નટવર મૂ. વીમાવાળા
ગાંડીવ સાહિત્ય મંદિર વતી—
ગાંડીવ મુદ્રણાલય,
હવાડિયા ચકલો, સુરત.

આવૃત્તિ ત્રીજી
સં. ૧૯૯૬
સને ૧૯૪૦
કિંમત: ૦-૩-૦

દેશદેશની, ચાનકભરી, બોધભરી.
સંયમ, શિસ્ત ને સમયસૂચકતાના
પાઠ શીખવનારી આ ખરેખરી વાતો
સૌને ગમશે એવી આશા છે.

ન. વી.



ખરેખરી વાતો

ગાંડીવ સાહિત્ય મંદિર

દાંડીઓ : સાપ્તાહિક

કવિ નર્મદના એ જુગજૂના યશવંત પત્રને સુરતના મુખપત્ર તરીકે સજીવન કર્યું છે. નાગરિક પત્ર તરીકે તેણે તરત લોકપ્રીતિ મેળવી છે. વાર્ષિક લવાજમ રૂા. ૩॥.

ગાંડીવ બાળપખવાડિક

૯ થી ૧૪ વરસના બાળકોને નિશાળના ભણતરમાં રસ જગાડે અને મદદ કરે એ રીતે સચિત્ર સરસ લેખો આપતું એકલું પખવાડિક. વા૦ લ૦ રૂપિયા પાંચ. પરદેશ શિલિંગ બાર.

ગાંડીવ છાપખાનું

ગયા વીસ વરસની કારકીર્દિમાં આ છાપખાનાએ શુદ્ધ અને સ્વચ્છ છાપકામ કરવા માટે સારી ખ્યાતિ મેળવી છે.

હવાડિયો ચકલો, સુરત

સુરત આવો, ત્યારે જરૂર મુલાકાત લેશોજી.

૧: હિમ્મતે મર્દા

એક સિપાઈદાદા હતા. લશ્કરી સિપાઇ, હો! હિંદી સરકારના લશ્કરમાં નોકરી કરે.

એક વાર એની ટુકડી મદ્રાસમાં આવી. થોડા દહાડા ત્યાં રહી. એક દહાડો કવાયતનો વખત હતો. એ ભાઇ હાજર નહિ. કોણ જાણે કયાં ભટકતા હશે! હવે લશ્કરી કાયદો તો ઘણો સખત હોય. સિપાઇને તો ઠરાવેલે વખતે ઠરાવેલે ઠેકાણે હાજર રહેવું જ પડે. ન રહે તો સખત સજા થાય. આ રીતે આ ભાઇને પણ સજા થઇ. આઠ દહાડા એક ઓરડામાં એકલા ગોંધાઇ રહેવાનું. ભાઇ કોટડીમાં પૂરાયા.

એક દહાડો રાત પડેલી. પેલા ભાઇ પડેલા. જેવી તેવી પથારી પર સૂતેલા. અંધારૂં થઇ ગયેલું. એવામાં કંઇ સરસર સરસર અવાજ સાંભળ્યો. એ શું હશે? કોણ

જાણે? એને યાદ આવ્યું કે ભીંતમાંનું જમીનસરસું બાકું બંધ કરવાનું રહી ગયું છે. રોજ એ બંધ કરે. આજેજ રહી ગયેલું. એને વહેમ ગયો કે વખતે સાપ કે કંઇ એવું જ જાનવર અંદર આવ્યું. પણ હવે શું? અંધારૂં ઘોર. બાકું બંધ પણ કેવી રીતે કરવું? એટલે પોતે શાંત પડી રહ્યો.

એવામાં સરસર અવાજ પાસે જ સંભળાયો. પછી એના ખુલ્લા પગને સાપની ઠંડી ચામડી અડતી લાગી. બીજો કોઇ હોય તો કૂદી ઊઠે, બરાડી ઊઠે; પણ આણે એવું ન કર્યું. કર્યું હોત તો મરી જ જાત. સાપ ડંખી જાત. ચીસ કોઈ સાંભળે તેમ નહોતું. ચોકિયાત ઘણે દૂર હતો.

એ તો શાંત ને તદ્દન મૂગો પડી રહ્યો. ન હાલે, ન ચાલે. જાણે મુડદું જ ન હોય!

એટલે તો સાપ એના ડીલ પર ચઢ્યો. ઓ બાપ રે! કેવડો મોટો....કેવડો લાંબો....કેટલો જાડો! પણ પેલા ભાઇ તો તદ્દન શાંત–સાવ મૂગા–આંખ મીંચીને પડી રહ્યા. જાણે શ્વાસ પણ ન લે. જરાય હાલેચાલે નહિ.

સાપ તો એના ડીલ પરથી પેટ પર, છાતી પર, છેવટે મોં પર પણ ફરી વળ્યો.

કેવી ભયંકર સ્થિતિ! કેટલી જબરી હિંમત!

એ જરાક હાલતે તો મરી જવાનું નક્કી હતું. જરા બોલતે તો ત્યાંજ ખલાસ થવાનું હતું. પણ એ સિપાઇ-દાદો! મહા શાંત! જેમનો તેમ પડી રહ્યો.

લગભગ એક કલાક સુધી એ ભયંકર સાપે એના શરીર પર ફર્યા કીધું—અહીંથી તહીંથી ને તહીંથી અહીં!

પછી એ નીચે ઊતર્યો ને સિપાઇના માથા પાસે જઈને બેઠો. સૂતો. જાણે શાંતિથી આરામ લેવા પડયો.

આખી રાત સિપાઇદાદો એમ ને એમ પડી રહ્યો! જરા હાલે નહિ, જરા ખસે નહિ. જાણે સાસ પણ લે નહિ. સહેજ હાલેચાલે ને પેલા સાપને ડીલ લાગી પડે, તો ખલાસ!

સવાર પડી. અજવાળાં થયાં. પેલાએ આંખ ઉઘાડી. આમતેમ નજર કરી. સાપ ન દેખાયો. ઊભો થયો. કોટડીને નાકે ગયો. ત્યાં એક સારો મજબૂત પથરો પડેલો. એણે તે લીધો. પછી સાપને માટે તપાસ કરવા માંડી. સાપ કયાંય ન જણાયો. એને લાગ્યું કે ઉશિકા તળે હશે. એ ધીમે ધીમે તે બાજુ ગયો. ખૂબ જોરથી પગ ઉશિકા પર દબાવ્યો. સાપે તરત ડોકું બહાર કાઢયું. પણ એથી વધારે શરીર બહાર ન નીકળ્યું. સિપાઇએ પત્થર વડે એનું માથું ચગદીકચડી નાખ્યું. સાપ મરી ગયો.

બપોર થઇ. જમવાનું આપવા ચોકિયાત આવ્યો. બારણું ઉઘાડયું. સિપાઇએ પેલો સાપ બહાર ફેંકી દીધો. એક અમલદાર ત્યાં ફરતો હતો. તેણે એ જોયો. અંદર આવીને પૂછ્યુંઃ આ અહીં કયાંથી આવ્યો?

સિપાઇએ જવાબમાં આખી વાત માંડીને કહી.

પેલો પૂછેઃ પણ અલ્યા, આટલી બધી શાંતિ તેં કેવી રીતે જાળવી? મોત તો તારી સામેજ ઊભું હતું!

હા, પણ તેથી જ જાળવી. મેં સાંભળેલું કે સાપ પોતે થઇને કદિ કોઇને કરડતો નથી. કોઈ છેડછાડ કરે કે કનડે તો જ ડંખ દે છે. એટલે હું એને છેડયો જ નહિ. ફરે તેમ ફરવા દીધો.

વાત ઠેઠ પહોંચી. ટુકડીના મુખ્ય અમલદારને કાને ગઇ. એણે પેલો મરેલો સાપ પણ જોયો. કેદી સિપાઈની અજાયબ શાંતિની વાત સાંભળી એ એટલો રાજી થયો કે એની સજા માફ કરી દીધી.

વીસેક વરસ પર ગાંધીજીના શરીર પર પણ સાપ એવી રીતે ફરી ગયેલો. ગાંધીજી શાંત બેસી રહેલા. સાપે કંઇ ન કર્યું. જતો રહ્યો. પણ એવી મોતજીવતની ઘડીએ શાંતિ જાળવવી કંઇ સહેલ છે?

૨: ગુસ્સાની સજા

આ વાત ખરી છે. કોઇને ગપ્પું લાગશે, પણ તેમ નથી.

પેરીસની નજીકમાં એક ગામડું. ત્યાં એક લશ્કરી અમલદાર રહે. એની નોકરી પૂરી થયેલી. ઘરડાપો આવેલો. હવે આરામ જ લેતો હતો.

એનો ઓધ્ધો મોટો હતો. પાસે પૈસા પણ પુષ્કળ. પોતે પ્રમાણિક, ભલો અને બહાદુર પણ ખરો. પણ એનામાં બે ખોડ. એક તો લોભિયાપણું અને બીજું તીખાપણું. વાત વાતમાં છેડાઇ પડે. વાત વાતમાં લઢી પડે. કોઇ વાર મારી પણ બેસે. નજીવી વાતમાં મોટી લઢવાડ ઝમાવે. પાછળથી એને પસ્તાવો થાય ખરો, પણ બીજે દહાડે તેવું ને તેવું.

એની વહુ બહુ ભલી ને ડાહી. સ્વભાવે બહુ જ રાંક. પણ પેલા ભાઇ તો વાતવાતમાં ગુસ્સે થઇ જાય. તેનો ઉપાય શો? એ બિચારી એકલી એકલી ઓરડામાં ભરાઈને રડયા કરે.

પેલા ભાઇ એને ઘણું સતાવે. નજીવી બાબતમાં વઢે. પાછળથી પોતાની ભૂલ જણાય તો માફી માંગી લે. પણ બીજે દહાડે જેવા ને તેવા.

વહુને બીક એ હતી કે આમ ને આમ એ

કોઇ દહાડો મને મારી પાડશે. કેમકે દહાડે દહાડે એનો સ્વભાવ બગડતો જાય.

એક દહાડો જબરૂં તોફાન થયું. કેટલાક પરોણા બેઠેલા. એક ખાસ દોસ્ત પણ હતો. એ વેળા એક નજીવી બાબત પર પેલો ચડભડી પડયો, ખૂબ બખાળા કાઢયા ને પછી પોતાના ઓરડામાં નાસી ગયો; ત્યાં ભરાઇ બેઠો.

પેલો દોસ્ત ત્યાં ગયો. બેઠો. પછી ઠંડે પેટે વાત કાઢી. પેલાને સખત ઠપકા દીધોઃ આ તે રીતની વાત છે ? આવું તે હોય ? આવડી નજીવી બાબત પર આવો ચડભડાટ ? વાતમાં માલ નહિ, ને આટલો ગુસ્સો ? એમ ઘણું કહ્યું.

પેલા ભાઇ કહેઃ દોસ્ત, તું કહે છે એ ખરૂં છે. મારો સ્વભાવ ખોટો છે. મારી ભૂલ હું કબૂલ કરૂં છું. હું સુધરવા ઇચ્છું છું પણ સુધરાતુંજ નથી. મેં બહુ વિચાર કર્યો, પણ રસ્તો નથી જડતો. મારો સ્વભાવ બદલાતો નથી. પાછળથી પસ્તાઉં છું, તોયે જેવો ને તેવો થઇ રહું છું.

દોસ્ત કહેઃ અરેરે, કેટલું ખરાબ ! કંઇક રસ્તો કરવો જોઇએ.

હા. ને તે હું કરીશજ.

એમ કહી અમલદારે ઓરડામાં આંટા મારવા

માંડયા. કંઇ કંઇ વિચાર કરે, ચાલતો અટકી જાય, વળી ચાલે, વળી હોઠ બીડે, એમ કર્યા કરે. જાણે એના મનમાં મોટું તોફાન ચાલતું હોય ને, તેમ.

આખરે એ એકદમ ઊભો રહ્યો. ગજવામાંથી ચાવી કાઢી. પાસે પડેલી ત્રિજોરી ઉઘાડી. ને અંદરથી એક હજાર રૂપિયા (તે દેશના સિક્કા)ની નોટ કાઢી. પેલો દોસ્ત તો જોયા જ કરે. એને કંઇ સમજાય નહિ.

પેલાએ એ નોટની ઘડી વાળી, ને પછી તેનો એક છેડો સળગાવ્યો ને જમીન પર મૂકી દીધો. ઠંડે પેટે એક હજાર રૂપિયાની નોટને બળતી જોયા કરી!

ખલાસ, ગયા હજાર રૂપિયા !

પેલો દોસ્ત તો ગભરાઇ જ ગયો: આ માણસ જે કંજૂસનો કાકો ગણાય છે, તે હજાર રૂપિયા બાળી નાંખે ! કેમ બને ? તેણે તરત દોડી જઇ એનો હાથ પકડયો ને બોલ્યો: આ શું, આ શું ?

અમલદાર કહે: કંઇ નહિ, તમે તમારે જોયા કરો.

પણ તમે ગાંડા થયા છો ?

ના, આ તો મેં મને પોતાને સજા કરી. ને આજથી હું સોગંદ લઉં છું કે હું હંમેશ આવી સજા ખમતો રહીશ. જ્યારે જ્યારે હું ગુસ્સામાં આવીશ, લઢી પડીશ, ત્યારે હું મને પોતાને આવી સજા કરીશ, ને

પૈસા ગુમાવીશ. એજ મારો સુધરવાનો રસ્તો. બીજો ઉપાય નથી.

પેલો મિત્ર અજાયબી પામ્યો. પણ બોલ્યોઃ હા, વાત ખરી છે. રસ્તો સાચો છે. તમને ધન્યવાદ ઘટે છે.

ને એ રસ્તો પેલાએ ખરેખર લીધો. તે દિવસથી એ 'કંજૂસના કાકા'એ પોતાના ગુસ્સા માટે સજા ખમવા માંડી. જ્યારે જ્યારે પોતાનાથી ખોટી ધમાધમ થઈ જાય, ત્યારે પાછળથી બેસે, વિચાર કરે ને પોતાને સજા કરે. તિજોરી ઉઘાડે, અંદરથી એક નોટ કાઢે ને બાળી નાંખે. જેવો ગુનો તેવી સજા. પચાસ રૂપિયા, સો રૂપિયા, બસો રૂપિયા, હજાર રૂપિયા.

પણ એ થોડોજ વખત ચાલ્યું. થોડા વખતમાં તો એની કુટેવ છૂટી ગઇ. ને સાથે સાથે એની કંજૂસાઇ પણ ગઇ. એનો સ્વભાવ શાંત થયો—ઉદાર પણ થયો. અને જેમ પોતે નાણાંનો નાશ કરતો હતો તેમ એ જાહેર દાનમાં પણ છૂટથી મદદ આપવા લાગ્યો !

દરેક જણ આવી રીતે પોતાના વાંક માટે પોતાને સજા કરતું હોય, તો ?

સાચો સિપાઇ

સ્કોટલાંડ દેશની વાત છે.

એક લશ્કરી ટુકડી ગ્લાસગો શહેરમાં રહે. સિપાઈઓ નવા હતા. ટુકડી નવી ઊભી કરેલી. તેમાં કંઇ ગરબડ થઇ. કેટલાક સિપાઇએ તોફાન કર્યું. અમલદારોની સામા થયા. પાછળથી તોફાન શાંત થયું. સિપાઇઓને સજા કરવાનું નક્કી થયું. તેમાં મુખ્ય ચાર હતા. તે કહેઃ બીજા બધાને છોડી દો. અમને ફાવે તે સજા કરો.

વડા અમલદારે કબૂલ કર્યું. અને એ ચારને લઇને એડીનબરો કિલ્લા તરફ કૂચ શરૂ કરી. ત્યાં લશ્કરી અદાલત બેસે. તેના સમક્ષ તેમને રજુ કરવાના હતા. સજા મોતની થશે એ નક્કી જ હતું. લશ્કરી કાયદો કડક બહુ હોય. નાના નાના ગુના માટે પણ સજા મોતની હોય. ને આ તો મોટો ગુનો ગણાય.

ચાર ગુનેગાર ને પાંચમો અમલદાર. ચાલ્યા ચાલ્યા જાય છે. એવામાં ચારમાંના એકને કંઇ યાદ આવ્યું. તે કહેઃ સાહેબ, એક વાત કહું. મારે ગ્લાસગો જવું છે. ત્યાં કામ છે. એક દોસ્તને ખાસ મળવું છે. મળ્યા વિના છૂટકોજ નથી. મરવાનું મને દુઃખ નથી. પણ દોસ્તને મળ્યા વગર મરીશ તો તે દોસ્ત નકામો દુઃખી થશે. એવું ખાસ કામ છે. આપ મને રજા આપો. હું પાછો

ફરૂં, તેને મળું અને ચોક્કસ વખતે એડીનબરો આગળ પાછો હાજર થઇ જાઉં. હું નક્કી જ હાજર થઇશ. એમાં ફેર નહિ પડે.

અમલદાર વિચારમાં પડયો. જવા દે ને પાછો ન આવે તો એનો પોતાનો જાન જાય. ન જવા દે તો નાહક કોઇ નિર્દોષ (પેલાનો દોસ્ત) હેરાન થાય છે. શું કરવું ?

પેલો કહેઃ આપ મને ઓળખો છો. છેક બચપણથી પિછાનો છો. મારી રીતભાત જાણો છો. હું સાચ્ચો છું. સચ્ચાઇથી જીવ્યો છું. સચ્ચાઇથી જ મરીશ. મને જવા ઘો. આપની આબરૂને બટ્ટો લાગવા નહિ દઉં.

અમલદાર તેને ઓળખતો હતો. તેને ભરોસો પડયો. એને જવા દીધો. પોતે બીજા ત્રણની સાથેજ કૂચ કરી. અમુક દિવસે પેલાએ કિલ્લે જ આવી પહોંચવું અથવા તે પહેલાં અધવચ મળવું એવું નક્કી કર્યું.

પેલો ગયો. ગ્લાસગોમાં દોસ્તને મળ્યો. કરવી હતી તે વાત કરી, ને પાછો ફર્યો. પણ એણે રસ્તો જુદો લીધો. વાંકોચૂકો ને લાંબો રસ્તો પકડયો. એને લાગ્યું કે સીધે રસ્તે જાઉં તો કોઇ જોશે ને નાસી ગયેલા તરીકે પકડી લેશે. મારે નાસવું છે નહિ. નાહક શીદ ઉપાધિ કરૂં ? તેને બદલે આડે રસ્તે જાઉં. ઝડપભેર જાઉં તો પહોંચી જવાશે.

એમ વિચારી એ રીતે તે ઊપડયો.

બીજી બાજુ કિલ્લો પાસે ને પાસે આવતો જાય. અમલદારને ફિકર થાય. ન આવ્યો, ન આવ્યો. ચાલ ધીમી કરી, ખૂબ ધીમી કરી. તોયે કોઇ દેખાય નહિ. આખરે કિલ્લો આવ્યો. અમલદારને થયું: આપણી જીંદગી ખલાસ. બટ્ટો લાગવાનો. જીવતર ધૂળ. પેલાએ બોળી માર્યો. ભરોસો ખોટો મૂકયો !

એમ કરી એ કિલ્લામાં પેઠો. એનું હૈયું ધડધડ થાય. મોં ફિકકુંફ્ચ પડી ગયું. હવે શું થશે ?

પોતાના વડા પાસે પહોંચ્યો. તેને પેલા કેદી સિપાઇઓની સોંપણ કરવાની હતી. સોંપણ કરવા માંડી. પહેલો સોંપ્યો. બીજો સોંપ્યો. ત્રીજો સોંપ્યો. ચોથાનું શું ? ચોથા માટે——એમ એ બોલવા જાય છે, ત્યાં તો ધમધમ પગલાં પડયાં, ને પેલો સિપાઇ ત્યાં આવી પડયો ! એણે પોતાનું વચન પાળ્યું. મોતથી એ ડરતો નહોતો. જીંદગીના કરતાં વચન એને મન વધારે કીમતી હતું !

પેલા અમલદારના હરખનું તો પૂછવું જ શું ?

પછી તો અદાલત ચાલી. ચારેને મોતની સજા થઇ. પાછળથી ઠર્યું કે એક ચિઠ્ઠી ઉપાડવી. જેનું નામ નીકળે તે મરે. બાકીના છૂટી જાય. ચિઠ્ઠી નંખાઇ. એકનું નામ નીકળ્યું. તેને ફાંસી થઇ. ત્રણ છૂટી ગયા.

છૂટયા, તેમાં પેલો ટકીલો, એકવચની સાચો સિપાઇ પણ હતો.

૪: સામી છાતીએ

ઇટાલિ કરીને દેશ છે. ત્યાં ગેરીબાલ્ડી નામનો એક મોટો સરદાર થઇ ગયો. એ સરદારે ઘણી બહાદુરી કરેલી. એની વાતો ઘણી છે. તમે મોટા થાઓ ત્યારે વાંચજો.

ઇટાલી પાસે સિસિલિ નામે ટાપુ છે. ગેરીબાલ્ડી એક વાર ત્યાં હતો. નવા નવા સિપાઇઓ એના લશ્કરમાં જોડાવા આવ્યા જ કરે. તે કામ માટે એક પંચ નીમેલું. જેને સિપાઇ થવું હોય તે એ પંચ પાસે જાય. પંચ તેને તપાસે, સવાલ પૂછે, એની હુશિયારી જુએ ને પછી લાયક હોય તો તેને સિપાઇ તરીકે લશ્કરમાં લેવાનો હુકમ કરે.

એક દહાડો એક ભાઇ આવ્યા. જોવા જેવા હતા! સાવ ઠીંગુજી! જોઇને હસવું જ આવે. ભાઇ તો પંચ પાસે આવીને કહે: મને સિપાઇ બનાવો.

પણ પંચવાળા કહેઃ ઊંહું ! ઊંહું ! તને તે વળી સિપાઇ બનાવાય ? તું તો સાવ ઠીંગુજી ! તું તે શું લડવાનો હતો ? વેંતિયા તે વળી લડતા હશે ?

પણ વેંતિયાભાઇ એમ જાય એવા નહોતા. તે ભાઇ તો ગયા ઠેઠ સરદાર પાસે. ગેરીબાલ્ડી કને જઇને સલામ કરી કહ્યુંઃ મને સિપાઇ બનાવો.

પણ સરદાર કહેઃ તું શું લડવાનો ?

સરદારે તો ચોક્ખી ના પાડી.

પછી તો લડાઈ થઇ. દેશના દુશ્મનની સાથે લડાઇ ચાલતી હતી. દેશ તરફથી ગેરીબાલ્ડી હતો. પેલા વેંતિયા-ભાઇનેય દેશ તરફથી લડવું હતું. હોંશ બહુ હતી. પણ સરદારે ના પાડી એટલે મૂંઝાયા.

પણ વેંતિયાને તો થયું હતું કે મારે લડવું તો ખરૂં જ. ભાઇ વગર રજાએ લશ્કરમાં પેસી ગયા ને લડાઈમાં લડ્યા. લડતાં લડતાં ખભે મોટો ઘા થયો. એટ-લામાં એ લડાઈ પૂરી થઇ.

એટલે મલકાતા મલકાતા ભાઈ ગયા ગેરીબાલ્ડી કને. તેને કહ્યુંઃ જુઓ, સાહેબ ! તમે ના કહી, તેમાં શું ? જુઓ, હું કેવો લડ્યો ! મને ઘા પણ મોટો થયો છે !

ગેરીબાલ્ડીએ ભાઈને ઓળખી તો કાઢ્યા. પણ કહ્યુંઃ ક્યાં છે અલ્યા, તને ઘા ક્યાં થયો છે ?

પેલાએ ખભો બતાવ્યોઃ જુઓ, આ રહ્યો. આ ખભા પર !

હં ! એ તો ખભા પર ! સમજી ગયો. તું તે શું લડવાનો હતો ? લડે તેને તો છાતીએ ઘા હોય ! આ તો નાસી જતો હશે, એટલે કોઇએ પાછળથી લગાવી પાડ્યો. જા, જા ! વેંતિયાથી તે લડાતું હશે !

બિચારા વેંતિયાભાઇ ! મનમાં મૂંઝાતા ત્યાંથી ચાલી નીકળ્યા. આ મહેણાં તેને તલવાર જેવાં ભોંકાયાં !

પણ પછી તો બીજી લડાઈ થઇ. એ પૂરી થઇ ન થઇ ત્યાં તો વેંતિયાભાઇ ગેરીબાલ્ડી પાસે આવ્યા જ છે ને !

જુઓ સરદાર ! જુઓ સરદાર ! હું કેવો લડ્યો ! જુઓ, આ વેળા તો મારી છાતી પર ઘા છે !

વેંતિયાએ એમ કહી છાતી પરનો ઘા બતાવ્યો. તેમાંથી ભગભગ લોહી વહેતું હતું ! ઘા બતાવતાં બતાવતાં જ એ બેભાન થઇને પડ્યો.

પડ્યો તે પડ્યો. પછી ઊઠ્યો જ નહિ.

વેંતિયાને દેશની કેટલીય લાગણી હતી ! ગેરીબાલ્ડી સરદારને પણ પછી પસ્તાવો થયો કે આવા માણસને મેં કેમ કડવાં વચન કહ્યાં !

દેશને ખાતર મરનારા મરીને જ બતાવે છે !

૫: રાજાનો ડગલો ગીરે મૂકાયો !

રૂશિયામાં સિકંદર નામે રાજા રાજ કરે.

એ રાજાને એકલા એકલા ફરવાની બહુ ટેવ. પગપાળો જ નીકળી પડે. સાદાં કપડાં પહેરે. કોઇ રાજા હશે એમ ધારે ય નહિ. એમ ને એમ એ લાંબે સુધી ફરવા ચાલ્યો ગયો.

એક દહાડો એણે સિપાઇનો વેશ પહેરેલો. ફરતાં ફરતાં દૂર નીકળી ગયો. થાકી ગયો. બહુ થાક લાગ્યો, એટલે ગાડી કરી. તેમાં બેસીને કહ્યું: રાજાને મહેલે હાંક.

ગાડીવાન શું જાણે કે આ ભાઇસાહેબ ખુદ રાજાજ છે ! એણે ધાર્યું કોઇક અમલદાર હશે. લશ્કરી અમલદાર દેખાય છે. જે હોય તે, આપણે શું ? એમ ધારી કહે: જો ભાઇ, રાજાના મહેલ સુધી કંઇ ચોકિયાતો ગાડી જવા ન દે. જ્યાં સુધી જવા દે ત્યાં સુધી હાંકીશ. ઠેઠ દરવાજા સુધી નથી જવાનું.

રાજા કંઇ બોલ્યો નહિ. ગાડી ચાલી. મહેલ પાસે પહોંચી ને થોડે દૂર જ અટકી ગઇ. ગાડીવાન કહે: હવે આગળ નહિ જવાય.

ભલે—કહી રાજા ઊતરી પડયો ને બોલ્યો: જો, હું અંદર જાઉં છું. માણસ મોકલું છું. તે તને તારૂં ભાડું આપી જશે

ગાડીવાળો કહેઃ ના, ના, ભઇશાબ! એ નહિ ચાલે, એ રીતે તમારા જેવા અમલદારો છેતરે છે. પછી ભાડું આપતા જ નથી. લશ્કરી અમલદારો ખાસ છેતરે છે. હું કંઈ તમને એમ ન જવા દઉં. પૈસા ન હોય, તો કંઈક મૂકતા જાવ. ભાડું મળશે કે તરત તે પાછું આપીશ.

રાજાએ મોં મલકાવ્યું. પોતાનો ડગલો ઉતાર્યો ને ગાડીમાં મૂક્યોઃ બસ ? હું હમણાં ભાડું મોકલું છું. એમ કહી પોતે ગયો.

એક હજુરિયો ભાડું આપવા આવ્યો. ભાડું કોને આપે ? ગાડી ઘણી ઊભી હતી. એણે આવી બૂમો પાડીઃ અલ્યાઓ, તમારામાંનું કોણ રાજાજીને બેસાડી લાવેલું ?

જવાબ કોણ આપે ? રાજાને ક્યાં પેલા ગાડીવાને ઓળખેલો ?

એટલે પેલો કહેઃ ડગલો કોની પાસે છે? બોલો, બોલો, ઝટ બોલો.

તરત પેલો બોલી ઊઠ્યોઃ આ રહ્યો ડગલો.

લાવ, લાવ. ઝટ કર. લે આ તારૂં ભાડું. તું રાજાને બેસાડી લાવેલો ?

કહી ડગલો લઈ ભાડું આપી હજુરિયો દોડ્યો પાછો મહેલ તરફ.

ઓ બાપ રે ! એ રાજા હતો ત્યારે ! એમ મનમાં વિચારતો ગાડીવાન પણ ગાડી દોડાવી ગયો.

બીજે દહાડે કવાયત હતી. રાજા ઊભો હતો. લશ્કરે કવાયત કરી. કૂચ કરી બતાવી. સરસ કામ હતું. ટુકડીઓ બરાબર હતી. પોશાક રૂપાળા હતા. રાજા રાજી થયો.

ટુકડીઓ ગઇ. ફકત મોટા સરદારો રહ્યા. તેઓ રાજાની આસપાસ ફરી વળ્યા.

રાજા કહેઃ ભાઇઓ, તમારા કામથી હું રાજી છું. ટુકડીઓ સારી છે. તાલીમ મજાની છે. પણ તમારા અમલદારોને કહેજો કે તેમને લીધે મારે ગઇ કાલે મારો ડગલો જામીનમાં મકવો પડયો.

શુંઉં ઉં ?— બધા મોઢું વકાસી રહ્યાઃ રાજા આ શી ગાંડી વાત કરે છે ?

રાજા કહેઃ કાલનીજ વાત. મેં લશ્કરી પોશાક પહેરેલો. હું ગાડીમાં બેઠો. પણ ભાડું આપું નહિ ત્યાં સુધી મને ગાડીવાન જવા ન દે. ડગલો જામીન મૂકયો, ત્યારે જ જવા દીધો. એ ચોકખું કહેતો હતો કે લશ્કરી અમલદારો ભાડું આપ્યા વિના ભાગી જાય છે.

સરદારો—અમલદારોને ઠપકો ભારે લાગ્યો. પોતાની લુચ્ચાઇ રાજા જાણી ગયો, તે બહુ વસમું લાગ્યું.

બહુ શરમાયા.

કહે છે કે તે પછી કોઇ ગાડીવાળાનું ભાડું લશ્કરી અમલદાર ડૂબાવે એવું બનતું નહોતું ! સૌ રીતસર ભાડું આપી દેતા !

૬: સિપાઇની ઘડિયાળ !

જર્મનીમાં ફ્રેડરિક નામનો રાજા રાજ કરે.

એ રાજા ભારે શૂરો હતો. એણે ઘણાં ઘણાં પરાક્રમો કર્યાં છે. તેથી એને મહાન ફ્રેડરિક એ નામે સૌ ઓળખે છે.

રાજાઓ હંમેશા અંગરક્ષકો રાખે છે. આ રાજાએ પણ તેવી એક ટુકડી રાખેલી. જ્યાં રાજા ત્યાં આ ટુકડી જાય. કદી પણ રાજાને વીલો ન મૂકે. એની ફરજ રાજાનું રક્ષણ કરવાની.

આ ટુકડીમાં એક સિપાઈદાદા હતા. તેનો સ્વભાવ નવાઇ જેવોજ. કામકાજમાં હુશિયાર. બોલવે ચતુર. મરવે પણ તૈયાર.

એને ટેવ એવી કે ઘડિયાળ ન રાખે, પણ ઘડિ-

યાળની સાંકળી રાખે. સાંકળીને બીજે છેડે એક સીસાની ગોળી લટકાવેલી. એવી ગોળી બંદૂકમાંથી ફોડવામાં વપરાય.

કોઈકે આ વાત રાજાને કહી. રાજાને અચંબો લાગ્યો. એને થયું: ઘડિયાળની સાંકળીને વળી બંદૂકની ગોળી શી લગાડવી ! એમ એ શા માટે કરતો હશે ?

એને બોલાવ્યો. પછી પૂછ્યું: કેમ, શું ચાલે છે ?

પેલો કહે: મઝામાં છું; સાહેબ ! કંઇ હુકમ ?

રાજા કહે: તું દેખાય છે તો બહાદુર ! વળી કરકસરિયો પણ છે ના ! પગારમાંથી બચાવીને ઘડિયાળ પણ લીધી દેખાય છે ને !

સાહેબ, બહાદુર તો છું જ. મને પણ એ વાતની ખાતરી છે. બાકી ઘડિયાળબડિયાળ તો ઠીક છે !

રાજાએ એક હીરાજડિત ઘડિયાળ કાઢી. તેમાં જોઇને કહે: તારી ઘડિયાળમાં કેટલા વાગ્યા છે, કહે જોઉં ? મારીમાં તો પાંચ વાગ્યા છે.

પેલાએ જતે હાથે પેલી ગોળી કાઢી ને કહ્યું: મારી ઘડિયાળ પાંચ વાગ્યા કે છ તે નથી કહેતી. તે તો મને એટલું જ બતાવે છે કે તારા રાજાને ખાતર મરવા તારે હરઘડી તૈયાર રહેવાનું છે.

રાજા કહે: એ....મ ? ત્યારે લે, હું તને આ ઘડિ-

યાળ આપું. એ પરથી તારા રાજાને માટે મરતી વેળા તું જોઇ શકશે કે કેટલા વાગ્યા છે !

એમ કહી રાજાએ પોતાની હજારોની કિંમતની ઘડિયાળ એ વફાદાર સિપાઇબચ્ચાને ભેટ તરીકે આપી દીધી !

ફ્રેડરિક રાજાને બહાદુરીની ખરી કદર હતી.

૭: છેતરાશો ના

એક છોકરો ઓટલે બેઠો હતો. શિયાળાનો દહાડો હતો. છોકરો ઓટલે બેસી રમ્યા કરે.

એવામાં એક પડોશી ત્યાં આવ્યો. તેને ખાંધે એક કુહાડી હતી.

પેલો પડોશી કહેઃ અલ્યા ભાઇ ! તારે ત્યાં હાથો ઘસવાનું ચકકર છે કે ?

છોકરો કહેઃ હા, છેસ્તો.

તે મારો આ કુહાડીનો હાથો તેના ઉપર ઘસવા દેશો? કેવો ડાહ્યો છોકરો છે ! ચાલ તો, જોઉં !

ડાહ્યો છોકરો કહ્યો એટલે તો છોકરો હરખાઇ

હરખાઇ ગયો. તે કહે: ઓહો, એમાં શું ? જાવને અંદર. અંદર જ ચકકર છે.

પેલો કહે: ચાલ જઈએ, તું પણ આવ ને.

બંને અંદર ગયા. પછી કુહાડીવાળો કહે: દોસ્ત, તું છે તો ચાલાક. હાથો ભીંજવવા જરા પાણી નહિ લાવે ?

છોકરાને તો ચાલાક કહ્યો એટલે રાજી રાજી. તે તો દોડયો ને તરત પ્યાલું ભરી પાણી લાવ્યો.

પછી પેલો પૂછે: અલ્યા, તું કેટલા વરસનો ? તારૂં નામ શું ? તું ખરેખર છે તો હુશિયાર. તને ચકકર ચલાવતાં આવડે છે ? જોઉં, જરા ચલાવ તો ખરો. હું હાથો ધરી રાખું છું.

ખુશ થઇ થઇને છોકરે તો ચકકર ફેરવવા માંડયું. પણ હાથો તદ્દન કાચો ને ખરબચડો હતો. ચકકર ફેરવતાં ફેરવતાં એના હાથ દુખ્યા. પણ પેલા ભાઇ તો એમ કહેજ નહિ કે તું બંધ રાખ, હું ફેરવું. તે તો એમ જ કહે: બસ, હવે થોડું જ છે. હવે થોડું ફેરવ એટલે થયું-કેવો સરસ છોકરો છે !

એમાં ને એમાં છોકરાનો તો હાથે સૂઝી ગયો ને ઝએલા પણ ઊઠયા. ચકકર ફેરવવાનું કંઇ સહેલું હતું ?

એમ કરતાં કરતાં નિશાળે જવાનો વખત થયો. ઘંટ વાગ્યો. તોયે પેલો કહે: હવે જરાક જ બાકી છે-

થોડી વાર ફેરવ–એટલે બસ !

છોકરો તો ફસાઇ ગયો. તેણે ફેરવવું ચાલુ રાખ્યું.

નિશાળનો ઘંટ વાગ્યા પછી કેટલીક વારે હાથો ઘસાઇ રહ્યો. એટલે પેલો કહેઃ ચાલ, ચાલ હવે ઊઠી જા ! નિશાળે જા, નિશાળે ! બહાર ભટકયા શાનો કરે છે ? જા, જા, નહિ તો નિશાળે માર પડશે !

કલાક બે કલાક વૈતરું કરાવ્યા પછી પેલાએ એને આવો પરસાદ આપ્યો.

એક તો શિયાળો. બીજું સવારનો વખત. બે કલાક ચકકર ફેરવ્યું. હાથે ઝએલા પડયા. કામ મફતમાં કીધું. ને છેવટે તો પાછાં આવાં ખાસડાં જ.

છોકરો તો ડઘાઈ જ ગયો ! પણ મનમાં સમજી તરત નિશાળે ભાગ્યો.

એ છોકરો અમેરિકામાં પછી ખૂબ પંકાયો. એનું નામ બેન્જામીન ફ્રેંકલીન. એણે એનાં દેશની ખૂબ સેવા બજાવી. પણ જીંદગી સુધી આ વાત એ ભૂલ્યો નહિ. એ પરથી એને ખરેખરું શીખવાનું મળ્યું. પછી તેઃ કોઇ માણસને વધારે પડતાં વખાણ કરતો સાંભળે એટલે કહેઃ કેમ, ભાઈ, તમારે હાથો ઘસાવવાનો છે ? કોઇ માણસ વધારે નમતો જણાય એટલે કહેઃ એને હાથો ઘસાવવાનો હશે !

બેન્જામીન ફ્રેંકલીનના જેવો અનુભવ ઘણાને થાય છે. ઘણા લુચ્ચા માણસો ફોસલાવીને કામ કાઢી લે છે ને પછી થાપટ મારે છે.

૮: એનું નામ સચ્ચાઇ

વાત ખરી છે. પેરીસમાં બનેલી.

બાર વરસનો છોકરો. કોઈને રસોડે નોકરી કરે. પીરસણિયાનું કામ કરે.

એક દહાડો બજારમાં થઇને જાય. માથે ટોપલી. ટોપલીમાં ભરેલાં ઈંડાં ને માખણ. બજારમાંથી ખરીદીને ભાઇ ઘેર તરફ જતા હતા.

પણ રસ્તો ઘોરી. વખત સવારનો ને ભીડ ઝાઝી. કોઈની કોણી લાગી ને ટોપલી પડી ભોંય પર. ઈંડાં ફટાફટ ફૂટી ગયાં ને માખણમાં કાદવ ને ધૂળ!

બાર જ વરસનો છોકરો! આવી આફતથી એ તો ગભરાયો. પોકેપોક મૂકીને રડવા લાગ્યો. એને રડતો ભાળી ત્યાં ટોળું મળ્યું.

કોઇક ભલા માણસે એને રડતો જોયો. દયા આવી.

ગજવામાંથી કાઢીને એણે ચપ દઈને પાવલી આપી. પછી બીજાઓને કહ્યું: તમે કંઇ આપો.

સૌને દયા આવી. કોઇએ પૈસો, કોઈએ બે પૈસા, કોઈએ બે આના આમ સૌએ કંઇ કંઈ આપ્યું. થોડી વારમાં તો જાણે મોટો ઢગલો જ થઈ ગયો ને !

એટલે તો પેલા ભાઇનું રડવું ઊડી ગયું. આંસુ લૂછીને ભાઇ ગણવા બેઠા. બધાનો ઉપકાર પણ માન્યો.

ગણી રહ્યા તો માલમ પડયું કે લગભગ બાર રૂપિયા ભેગા થયા છે !

પણ એણે એ બધું નાણું ગજવામાં ન મૂકયું. એણે તો ગજવામાંથી આંકડો કાઢયો. બજારમાં કરેલા ખરચનો એ આંકડો હતો. તે તો માત્ર નવ જ રૂપિયાનો ! એટલે ત્રણ રૂપિયા વધે.

બીજો હોય તો ગજવામાં મૂકી રસ્તે પડે. એણે એમ ન કર્યું. ચોમેર નજર કરી. એક ડોશી ઊભી હતી. તેને શરીરે ચીંથરેહાલ લૂગડાં હતાં. ડાચાં બેસી ગયેલાં. કોણ જાણે કેટલાય દહાડાની ભૂખી હશે.

છોકરે તો નવ રૂપિયા રાખી બાકીના પૈસા જઇને માજીને આપી દીધા.

જે સૌ આ જોતા હતા, તે બધા રાજી થયા. વાહ, છોકરો ભલો ખરો. આપણે એને મદદ કરી તે

ભલું કર્યું. એની દાનત ખરી છે. આપણા પૈસાનો એણે ખોટો ઉપયોગ ન કર્યો.

સૌ તે છોકરાના વખાણ કરતા ઘેર ગયા.

૯: અચરે અચરે રામ!

મહાન ફ્રેડરિકની એક બીજી વાત છે.

એ રાજા પોતાના અંગરક્ષકોને સૌને જ ઓળખે. બધાની તરતપાસ રાખે. કોઇક નવો ઉમેરાયલો જુએ, એટલે તેને પૂછે: કેમ અલ્યા, કેટલા વરસનો છે? લશ્કરમાં ક્યારથી છે? પગાર હથિયાર તો બરાબર મળે છે ને? આ ત્રણ સવાલ તો એ ખસૂસ પૂછે જ પૂછે.

બન્યું એવું કે એક જુવાન નવો જ રહ્યો. એ પડોશના ફ્રાંસ દેશનો. એને આ જર્મની દેશની ભાષા ન આવડે. એટલે એના સાથીઓએ એને ત્રણ જવાબ શીખવી મૂકયા. રાજા પેલા ત્રણ સવાલ પૂછે તો જવાબમાં કહેવા માટેના જર્મન શબ્દ શીખવી મૂકયા. પહેલા સવાલ માટે એકવીસ વરસ; બીજા માટે છ મહિના; ત્રીજા માટે: બંને બરાબર.

એક દહાડો રાજાએ તપાસ લીધી. નવો ચહેરો જોયો. સવાલ પૂછ્યા. પણ કમનસીબે સવાલ ઉલટપાલટ થયા. પેલા ભાઇ કંઇ સમજે નહિ ! એટલે જુઓ ફજેતી !

અલ્યા, તને લશ્કરમાં રહ્યે કેટલો વખત થયો ?

(ઉંમરને બદલે પહેલું આ પૂછ્યું.)

પેલો કહેઃ એકવીસ વરસ.

રાજાની અજાયબીનો પાર નહિ. પછી પૂછ્યુંઃ ઉંમર કેટલી ?

પેલો કહેઃ છ મહિના !

રાજા તો એકદમ ચમકયો. આ તે શું ?

તે કહેઃ અલ્યા, કયાં તો તું ગાંડો છે, કે હું ગાંડો છું !

પેલો કહેઃ બંને બરાબર !

રાજા ચિઢાયો યે ખરો ને ચમકયો યે ખરોઃ મને મારે મોઢે ગાંડો કહેનાર તો આ પહેલો જ માણસ મળ્યો દેખું ! અલ્યા, તું શું કહેવા માંગે છે ?

રાજાનો ગુસ્સો જોઇને પેલો ગભરાઇ ગયો ને પોતાની જ ભાષામાં બોલી પડયોઃ કોણ જાણે સાહેબ, મને જર્મન ભાષા નથી આવતી.

પણ રાજાને તો તેની ભાષા આવડતી હતી. તે ખડખડ હસી પડયો ને બોલ્યોઃ એમ બાબત છે ? જા, જા. ઝટ શીખી લેજે. તું છે તો બહાદુર બચ્ચો !

જા, તને બધું માફ છે.

એમ કહી રાજા હસતો હસતો ચાલ્યો ગયો!

પોપટિયા શીખેલું શા કામનું ?

૧૦ : જીવ બચાવ્યો

લંડનમાં એક જબરજસ્ત દહેરું છે. એનું નામ સેંટ પાલનું દહેરું.

એક વાર એ દહેરામાં ચિત્રકામ ચાલે. પાલખ બાંધેલી. તે પર બેસી ચીતારો કામ કરે.

એ ચીતારો પણ જેવો તેવો નહિ. ભારે હુશિયાર હતો. દેશમાં એના જેવા ચીતારા કોઇ બીજા હશે પણ નહિ. રાજદરબારમાં એનો મોભ્ભો પણ મોટો.

ચીતરતાં ચીતરતાં એને થયું કે, આ હું ચીતરું છું તે દૂરથી કેવુંક લાગતું હશે ? લાવને જરા જોઇએ તો ખરા.

ભાઇ તો ઊઠયા ને પાછલે પગે ચાલતા ચાલતા ગયા—તે ઠેઠ પાલખને નાકે.

ઠેઠ નાકે જ આવી રહ્યા. સહેજ ખસે તો

ઠેઠ નીચે, પથ્થરની જમીન પર હાડકાંના ભૂકેભૂકા ! જીવવાની તો વાત જ શી ?

એ ભાઇને તો ભાન નહિ. ધારી ધારીને જુએ છે ને મનમાં મલકાય.

દૂરથી નોકરે જેયું. તે એ જ પાલખ પર કામ કરે. એની મદદમાં.

નોકરે જેયું કે સહેજ પાછળ ચસ્યા તો મોતના સોદા છે. એકે હાડકું આખું નથી રહેવાનું !

નોકરે ડોલ ભરીને રંગ લીધો ને બ્રશ લઇને પેલી છબી પર છાંટી જ દીધો. હાં હાં હાં હાં ! શું કરે છે ? કરતા ચીતારાભાઇ તુરત તે તરફ દોડી આવ્યા ! આ શું ? આ શું ? મારી કેટલી મહેનત રસાતલ !

એને તો જબરો ગુસ્સો આવ્યો.

પણ પછી નોકર કહે: સાહેબ, તમે તો મરતા બચ્યા છો મરતા ! હું તમને કહેવા જાત તો તમે ચમકીને પાછળ જ ડગલું ભરત ને પડી જાત. આ તો તમારી છબી બગડી તો તમે આગળ દોડી આવ્યા. નહિ તો તમે ચમકત ને ગબડી જાત. તમે એવા અદ્ધરતાલ ઊભા હતા !

ચીતારે કાન આમળ્યા. વાત ખરી તો ખરી !

નોકર કહે: સાહેબ, જીવતા છો તો હવે જોઇએ

એટલું ચીતર્યા જ કરજો ને !

એ ચીતારાનું નામ સર જેમ્સ થોર્નહીલ. બહુ મોટો ચીતારો થઇ ગયો. એની જીંદગી એના નોકરે આમ બચાવી. સર જેમ્સે નોકરનાં ખૂબ વખાણ કર્યાં, ને જીંદગી બચાવવા માટે ઇનામ આપ્યું.

૧૦: બુદ્ધિ કોના બાપની છે?

એક વહાણ દરિયે સફર કરે. વહાણમાં માલ પુષ્કળ. માલ એટલે મોટે ભાગે તો માખણ જ હતું.

હોલાંડ દેશમાં તે વેળા માખણની અછત થઇ પડેલી. લોકોને માખણનો શોખ ઘણો. મળે તો સારી કિંમત આપે. પણ મળતું નહોતું. પેલું વહાણ તેથી માખણ લઇ ત્યાં જતું હતું. વહાણના કપ્તાનને સારા નફાની આશા હતી. વહાણ આયરલાંડથી ઉપડેલું.

વચ્ચે વાઇટ નામનો ટાપુ આવ્યો. વહાણે ત્યાં લંગર નાંખ્યું. બીજા પણ ઘણાં વહાણ ત્યાં પડેલાં હતાં.

ક્યારનાય પડેલાં. કોઇ આગળ જતું નહોતું. જવાની હિંમત નહોતી. કેમકે વચ્ચે દરિયાઇ લુંટારા

ઉરફે ચાંચિયાઓનો બહુ ભો હતો.

આ કપ્તાનને પણ બધાએ ડર બતાવ્યો કે આગળ જઇશ માં જશે તો લુંટાઇ જશે.

કપ્તાન પહેલાં તો ગભરાયો. પણ પછી મનમાં હિંમત આણી કહેઃ અરે, જઇશું જઇશું ! આગે સબ દેખા જાયગા. કપ્તાન વલંદો હતો. હોલાંડના લોકોને વલંદા કહે. તેઓ હિમ્મતબાજ હોય છે.

કપ્તાને તો લંગર છોડયાં ને ઝોકાવી દીધું. વહાણ ચાલ્યું.

પણ થોડે દૂર ગયા ત્યાં તો એ ......બાપલિયા...... ચાંચિયાનું વહાણ આવતું જણાયું. ધડાધડ ચાલ્યું આવે.

ખલાસી તો બધા ગભરાયા. હવે શું કરીશું ?

પણ કપ્તાન શૂરો હતો ને ! શૂરો યે હતો ને શાણો યે હતો. શાણો હતો ને ચાલાક હતો.

એણે તો કહ્યુંઃ ગભરાવ માં, ગભરાવ માં. હું કહું તે કરો.

ખલાસીઓ તૈયાર થયા. કપ્તાને કહ્યુંઃ તમારા બૂટમોજાં કાઢી નાંખો. માખણના ચાર પાંચ પીપ ફોડો ને વહાણની ધાર પર, તુતક પર, બાજુના પાસામાં બધે માખણ ચોપડી દો.

ધડાધડ માણસો મંડી પડયા. બધે માખણ ચોપડી

દીધું. વહાણનો આગલો ભાગ બધો ચીકણો ચીકણો થઇ ગયો. અરે ચોપડનારા ય લપસી લપસી જતા'તાને!

એટલામાં તો પેલું વહાણ લગભગ પાસે આવી લાગ્યું. તેના કપ્તાને બૂમ પાડી ને કહ્યું: એઇ કોણ છો ? બધો માલ સોંપી દો.

આપણા કપ્તાને ડોળ સારો કીધો. પોતે જાણે થરથર ધ્રૂજે. બે હાથ જોડી કહે: લઇ જાઓ ભાઇસાહેબ ! જે હોય તે તમારૂં !

એટલે તો પેલા વહાણવાળા ખૂશ ખૂશ ! વગર મહેનતે જ બેડો પાર ! પછી જોઇએ શું ?

નાના હોડકામાં બેસી દશ બાર જણા આપણા વહાણ પાસે આવ્યા. પાટિયું મકી ચઢવા લાગ્યા. પાંચ છ ચઢયા. ત્યાં તો એઇ લપસી લપસીને પડયા એક-બીજાની ઉપર. પહેલો બીજાના ડીલ પર ને બંને ત્રીજાના ડીલ પર ને પછી તો બધાજ નીચે પાણીમાં ડબકડોઇયાં!

એ તો અભણ ચાંચિયા ! બીધા કે ઓ બાપ રે, આ વહાણમાં તો ભૂત છે ભૂત! કંઈ જાદુ છે કે મંતર છે!

જેમ તેમ બેઠા હોડકામાં ને પાછા નાઠા. લુંટવાની વાત જ સમૂળી ભૂલી ગયા.

આપણા કપ્તાનસાહેબ પછી તો સીધા દેશ પહોંચ્યા; ને ખૂબ નફો કર્યો. ચાલાક હોય તે ફાવેજ ને ?

૧૨: રાજાની ચાલાકી

એક વાર જર્મનીમાં રૂડોલ્ફ રાજા રાજ કરે. રાજા ભલો ને ન્યાયી. ચતુર પણ તેવો જ. તદબીર લડાવવામાં એકકો.

એક દહાડો એ ગયો નુરેમ્બર્ગ. નુરેમ્બર્ગ મોટું શહેર છે. ત્યાં ઘડિયાળો સારાં બને છે.

રાજા મુકામે બેઠેલો. એક વેપારી મળવા આવ્યો. તે કહેઃ રાજાજી, મારી એક ફરિયાદ છે.

રાજા કહેઃ બોલો, સાંભળું છું.

પેલો કહેઃ અહીં એક ધર્મશાળા છે. જાણીતી છે. તેનો માલિક આગેવાન શહેરી છે. એને મેં એક કોથળી આપેલી. તેમાં પુષ્કળ નાણાં હતાં. હવે એ કોથળી પાછી નથી આપતો. કહે છે મને મળી જ નથી, તું જૂઠો છે. મને મારી કોથળી અપાવો, જનાબ.

કોથળી કેવી છે ?

પેલા વેપારીએ કોથળીની નિશાની આપી.

રાજા પૂછેઃ વારુ, સાક્ષી કોઇ છે કે ?

ના સાહેબ, તે જ વાંધો છે ને. કોઇ સાક્ષી નથી, કંઇ પુરાવો નથી. હું સાચું બોલું છું, એજ મારો પુરાવો. આમ કોઇ રીતે નિકાલ કાઢી આપો તો મોટી કૃપા.

રાજા વિચારમાં પડયો. થોડી વારે કહેઃ ઠીક, જાઓ.

થઇ રહેશે. જોડેના ઓરડામાં બેસો.

પછી રાજાએ હજુરિયાને બોલાવ્યો: પેલા ધર્મ-શાળાવાળાને બોલાવી મંગાવો.

હજુરિયો કહે: અરે, તે તો જાતેજ આવેલો છે. અહીંના શહેરીઓ આવ્યા છે. આપને સલામ ભરવા આવ્યા છે. તે સૌનો એ આગેવાન છે. નીચે ઊભા છે. ઉપર મોકલું?

રાજા કહે: એ તો સૌથી સારૂં. મોકલી આપો ને.

એટલે સૌ આવ્યા. આગેવાન પેલો વીશીવાળો. સૌએ સલામ કરી. વીશીવાળે લળી લળીને નમન કર્યું. રાજાસાહેબનાં વખાણ કર્યાં: આપ નામવર કૃપાળુ છો, ન્યાયી છો, અદલ ઈન્સાફી છો. આપના રાજમાં અમે સુખી છીએ. આપ આ શહેરમાં આવ્યા તેથી અમને માન મળ્યું છે. આપ લાંબું જીવો.

વગેરે વગેરે લાંબી લાંબી વાતો કરી.

રાજા જાણે એ બધું સાંભળી ખૂશ થયો. પછી કહે: ભલે, તમારા ગામમાં આવ્યાથી હું રાજી થયો છું. તમે મને માન આપ્યું છે તે માટે આભારી છું. આપનો આભાર કઇ રીતે માનું? આપના આગેવાનને હું મારી ટોપી ભેટ આપું છું.

પેલા વીશીવાળાના હરખનો તો પાર જ શાને રહે?

તેણે તુરત હાથ ધર્યો. રાજાએ પોતાની ટોપી આપી. તેણે લઇ લીધી. એટલે રાજા હસતાં હસતાં કહેઃ પણ જોજો હં ! તમારી ટોપી મને આપવી પડશે. તે અહીં આપતા જાઓ.

પેલો કહેઃ હું ગરીબની ટોપી આપને શા ખપની ?

ના, ના રહેવા દો ને ! યાદગીરી તરીકે રહેશે. નુરેમ્બર્ગની ભેટ !

રાજા માંગે. ના કેમ કહેવાય ? વીશીવાળે પોતાની ટોપી તુરત રાજાને ધરી. રાજાએ ઉઠાવી માથે મૂકી.

પછી કહેઃ આપ સૌ પેલા જોડેના ઓરડામાં બેસો. હું મારૂં થોડું કામ ઉકેલી લઉં. પછી બીજી વાતો કરીશું.

એમ કહી એ સૌને પેલો વેપારી બેઠો હતો, તેનાથી જુદે જ ઓરડે મોકલ્યા.

તેઓ ત્યાં જતાં રાજાએ એક નોકરને બોલાવ્યો. તેને પેલા વીશીવાળાની ટોપી આપી અને વીશીવાળાને ઘેર મોકલ્યો. પેલા નોકરે, રાજાના ફરમાન પ્રમાણે ત્યાં જઇને, વીશીવાળાની વહુ પાસે થેલી માંગી. થેલીની બરાબર નિશાની આપી. કહ્યું કેઃ વીશીવાળા શેઠને ખાસ જરૂર પડી છે. ચાલે તેમ નથી. એ કોથળી આપો. નિશાનીમાં એમણે પોતાની ટોપી તમને બતાવવા મને આપી છે.

વીશીવાળાની વહુને કોથળીની ખબર હતી. નિશાની બરાબર હતી. કોથળી પણ કહ્યા મુજબ હતી. ટોપી જેવી નિશાની, પછી શંકા શાની? તેણે ત્રિજોરીમાંથી પેલી કોથળી કાઢી આપી.

નોકર તો તુરત કોથળી લઇ રાજા પાસે જઇ પહોંચ્યો. રાજાએ વેપારીને બોલાવ્યો. કોથળી ઓળખાવી. વેપારીએ કહ્યું: બરાબર, એજ કોથળી. મારી જ છે.

પછી કોથળી સંતાડી રાજાએ વીશીવાળાને બોલાવ્યો. તેને કહ્યું: તમારી સામે ફરિયાદ છે. આ માણસ ઇન્સાફ માંગે છે. બોલો, શો જવાબ દો છો ? તમે એની કોથળી પચાવી પડયા છો ?

પેલો તો તરત તરડાઇને કહે: જૂઠી વાત. તદ્દન ખોટું ? એ હરામી છે.

રાજાએ તરત થેલી કાઢીને રજુ કરી. વીશીવાળો વીલો પડી ગયો. છેવટે પોતાનો ગુનો કબુલ કર્યો. પેલા વેપારીને થેલી પાછી મળી. વીશીવાળાને ભારે દંડ કરવામાં આવ્યો. આખા દેશમાં આ ખબર ફરી વળ્યા. રાજાની બધે વાહવાહ બોલાઈ. કેવી ચતુરાઇ !

૧૩: હાજરજવાબી

ફ્રાંસ દેશમાં અસલ નોરમંડી નામનો જીલ્લો હતો. એ જીલ્લામાં રોબર્ટ કરીને ઠાકોર રાજ કરે.

એ ઠાકોરસાહેબ ભારે ચાલાક ને ભારે ચતુર. બોલવામાં રમુજી. સ્વભાવે ઉદાર ને મળતાવડા. દેશે-દેશમાં એ રીતે એઓ પ્રખ્યાત બનેલા.

ગ્રીસ દેશના બાદશાહને કાને એ વાત ઉડતી ઉડતી પહોંચી. તેને થયું: ઓહોહો! એવો તે એ કેવો હુશિયાર હશે?—જોઇએ તો ખરા.

બાદશાહે તો કાસદ મોકલ્યો. નોતરું આપ્યું, કે ઠાકોરસાહેબ, મારે ત્યાં પરોણા થાવ. મોટી મિજબાની રાખી છે. સાથે તમારા અમીરઉમરાવોને લેતા આવજો. જરૂર આવજો.

ઠાકોરસાહેબ તો મળતાવડા સ્વભાવના. નોતરું કબૂલ રાખ્યું. નક્કી વખતે બાદશાહના મહેલ આગળ જઇ પહોંચ્યા.

બાદશાહે લુચ્ચાઇ કીધી. મિજબાની તો મોટી રાખી. નોતરાં ઘણાંને દીધેલાં. પણ તે સૌને વહેલા બોલાવ્યા. ઠાકોર આવે તે પહેલાં તો જાણે ઘર ભરાઈ ગયું. પંગત બેસી ગઈ. ભાણાં મંડાઈ ગયાં. સૌ બેસી ગયા. એકે ખુરશી ખાલી ન રાખી. બધી ખુરશીઓ

ખલાસ. ઠાકોરને સારૂ પણ એક ખાલી ન મળે. અમીરો સારૂ તો હોય જ શાની ? બાદશાહ તો કસોટી કરતો'તો ને !

વળી બાદશાહે તો બધાને કહેલું: ઠાકોર આવે તો આવવા દેજો. કોઇ ઊભા ન થશો. કોઇ સલામ ન કરશો: કોઈ જગા ન આપશો. જાણે જાણતા જ નથી, એમ કરજો. એની સામુંજ ન જોવું ને ?

બાદશાહે આવી લુચ્ચાઇ કરી.

એટલે તો ઠાકોરસાહેબ આવી લાગ્યા. મહેલમાં પેઠા. બધા બેઠા હતા ત્યાં પહોંચ્યા. પણ સામે જુએ કોણ ? એક ખુરશી યે ખાલી ન મળે !

ઠાકોરે જોયું કે આ તાલ ખરો. આ તો કોઇ માન આપતું નથી. ખુરશી આપતું નથી. ભલે, દેખા જાયગા.

એ ભાઇ તો સીધા નાકે ગયા. ત્યાં જગા ખાલી હતી. પોતાનો કીમતી, હજારો રૂપીયાનો ડગલો કાઢ્યો. ઘડી વાળીને જમીન પર નાંખ્યો. તેના પર બેસી ગયા.

એના અમીરોએ વિચાર્યું કે જે રાહ રાજાનો, તે રાહ આપણો ! તેમણે પણ પોતપોતાના ડગલા કાઢયા, ને તેના ઉપર બેસી ગયા !

બધા તો ગૂપચૂપ જોયા જ કરે છે. કોઇ ન બોલે કે ન ચાલે.

પીરસણું નીકળ્યું. બધે પીરસાયું. ઠાકોર ને એના

ઉમરાવો જમીન પરજ બેઠા બેઠા જમ્યા ! એ લોકો તો ટેબલ પર બેસીને જમનારા ! પણ તોફાનનો તાલ જોઇ વખત વિચારી જમીન પરજ જમી નાંખ્યું !

જમણ ખલાસ થયું. સૌએ હાથ ધોયા. ઠાકોર ઊઠયો. સૌને રામ રામ કર્યા. સલામ કરી, ને કહે: અમે જઇશું.

એના અમીરોએ પણ તેમ કર્યું.

અને બધાય ખમીસભેરજ બહાર નીકળ્યા. ડગલા રહેવા દીધા, જ્યાંના ત્યાં ! એ ડગલા કંઇ સાદા નહોતા. એ તો હજારો રૂપિયાના, કીમતી હતા ! તેને જમીન પર નાંખી સૌ ચાલી નીકળ્યા.

બાદશાહ તો આ જોઇ સડક જ થઇ ગયો ! તેણે તુરત પોતાના એક હજુરિ[illegible] દોડાવ્યો ને કહેવડાવ્યું: અરે, અરે ! તમે તમાર. ડગલા તો પહેરતા જાવ !

ઠાકોર કહે: જા, જા ! તારા રાજાને કહે કે અમે, નોરમંડીના લોકો, જમવા જઇએ ત્યાંથી બેસણું ચોરી જતા નથી ! બેસવાના પાટલા તે વળી સાથે લઇ જવાય ?

બાદશાહે આ સાંભળ્યું. એ શરમાઇ ગયો. પોતાની તોછડાઈ માટે એને પસ્તાવો થયો. ને ઠાકોરે પોતાના વિવેકી વર્તન વડે જે મહેણું માર્યું તે એને બહુ આકરૂં છતાં ખરેખરૂં લાગ્યું. ઠાકોરને પાછા તેડાવી એણે તેને ખૂબ માન આપ્યું.

હાજરજવાબી અને સમયસૂચકતા હોય તો માણસ દુનિયામાં ધાર્યું કામ કરી શકે છે.

૧૪ : સરસ ચાલાકી

જીનીવા એટલે ઘડિયાળનું શહેર. ત્યાં કંઇ ઘડિયાળ તો ઘડિયાળ બને ! બીજે બને છે, પણ ત્યાં જેટલાં નહિ. ને ત્યાં ઘડિયાળ તો કેટલાય વરસોથી બન્યા જ કરે છે.

કહે છે કે પહેલાં યુરોપ જેવા મોટા ખંડમાં અડધોઅડધ ઘડિયાળ તો જીનીવા શહેરના જ વપરાતાં. વધારામાં વળી જડાવ ઘરેણાં માટે પણ એ શહેર નામીચું છે. જડાવ ઘરેણાં પણ ત્યાંથી દેશપરદેશ ઘણાં જાય છે.

જીનીવાનું આ ઝવેરાત અને ઘરેણાં પેરીસમાં બહુ ખપે. પેરીસ તો શોખીનોનું શહેર. પેરીસ તો રસિયાનું શહેર. પેરીસ તો પૈસાવાળું શહેર. એ તો જીનીવાથી માલ મંગાવ્યા જ કરે.

તે વેળા—ઘણા વરસ પર—જીનીવામાં બોએત નામનો ઝવેરી વસે. એનું ઝવેરાત બહુ વખણાય. એની

કારીગરીનો જોટો નહિ. જે માંગે તે બોએતનું ઝવેરાત જ માંગે. તેમાંય પેરીસમાં તો સૌ એની બનાવટનાંજ શોખીન.

પણ જીનીવા તો સ્વીટ્ઝરલાંડનું શહેર. ત્યાંથી માલ ફ્રાંસ દેશમાં આવે તેના પર જકાત ભારે નાંખેલી. દેશની સરહદ પર થાણાં બેસાડેલાં. જકાત ભરે પછી જ માલને ફ્રાંસમાં જવા દે. ત્યાં સુધી નહિ. એ રીતે તો માલ પેરીસમાં મોંઘો વેચાય. મોંઘો વેચાય એટલે ખપે ઓછો. એ તો જીનીવાના શહેરીઓને માથે મોટી આફત.

પણ આ બોએત ઝવેરી તો મહા પાકો. એ બંદો તો કંઇ જકાત બકાત ભરે નહિ. ચોરીછૂપીથી માલ ફ્રાંસ દેશમાં ઘુસાડી દે. એ રીતે ઘરાકને સસ્તો પડે. આ રીતે માલ મોકલવા માટે તે રૂપિયે ફક્ત ત્રણ પૈસા વધુ લે. એક રૂપિયાનો માલ મંગાવે, તો રૂપિયો ને ત્રણ પૈસા જીનીવામાં આપી દેવાના એટલે તે ઝવેરાત તમારે ઘેર જકાત બકાત લાગ્યા વિના ચાલ્યું જ આવે.

આમ ઘણાં વરસ ચાલ્યું. અમલદારોને એ વાતની ખબર પણ ખરી. તેઓ ખટપટ ખૂબ કરે, પણ કેમે કરી ચોરી પકડાય જ નહિ ને? રાજને આમ ઘણું નુકસાન થાય. જકાત વગર માલ આવ્યા જ કરે એટલે એટલી આવક ઓછી જ થાય ને!

અમલદારોએ બહુ બહુ ખટપટ કરી, ચોકી રાખી,

પણ કેવી રીતે માલ દેશમાં જાય તે ખબર ન પડે.

પછી એક વાર ખાતાનો વડો અમલદાર બદલાયો. એ અમલદાર બહુ હોંસિલો ને ખંતીલો હતો. તેણે નક્કી કર્યું કે કોઇ પણ રીતે ચોરી પકડું તો જ જંપું. તે સિવાય નહિ. આ લુચ્ચાઇનો વેપાર મારે બંધ કરવો જ છે.

પછી તે ભાઇએ એક યુક્તિ શોધી કાઢી. જાતે ને પોતે જીનીવા પધાર્યા ને બોએતને ત્યાં ગયા. ત્યાંથી ૩૦૦૦૦ રૂપિયાનું જડાવ ઘરેણું ખરીદ કીધું. પછી કહેઃ

હવે આ મને પેરીસ પહોંચાડી આપશો કે ? જકાત ન લાગવી જોઇએ.

બોએત કહેઃ ખુશીની સાથે. ફક્ત રૂપિયે ત્રણ પૈસા વધુ લાગશે.

પેલો રાવબહાદુર કહેઃ ભલેને, તેનો વાંધો નથી. તમારા પૈસા થાય તે આપી દઇશ.

બોએત કહેઃ ઠીક, લાવો, લખાવો તમારૂં નામ.

પેલા ભાઇએ કહ્યુંઃ લખો ત્યારે. ફલાણા ઢીકણા—જકાતખાતાના વડા અમલદાર. મુકામ ફલાણો મહોલ્લો, પેરીસ.

બોએતે તો ઠંડે પેટે આ સરનામું લખી લીધું. જરા ગભરાયો જ નહિ ને ! જકાતચોરીથી માલ મોકલવાનો—ને તે જકાતખાતાના મોટા અમલદારને, તો

તેમાંય એને વાંધો નહોતો! કેટલી બધી હિમ્મત!

એની આ ઠંડાઇ જોઇને અમલદારના પેટમાં તો કંઇ કંઇ થાય.

બોએત તો કહેઃ ભલે સાહેબ, આપ પેરીસ પહોંચશો, કે તરત જ આપને આ માલ ત્યાં મળી જશે. ફિકર કશી ન રાખશો.

બોએતે નીચા વળીને સલામ કરી.

અમલદાર તો મનમાં મૂંઝાતો ત્યાંથી નીકળ્યો.

પણ પછી મુકામ પર જઇને—એણે તો જેમ બને તેમ જલદી ગાંસડાંપોટલાં બંધાવ્યા ને જરા પણ અચકાયા વિના ચાહોમ સફર ચાલુ કરી. રસ્તે જ્યાં પોતાના દેશની સરહદ ચાલુ થાય ત્યાં થાણા પર ખબર આપી દીધી કેઃ ચોકી બરાબર રાખજો. મેં માલ ખરીદ્યો છે. દાણચોરીથી આવવાનો છે. રખે લાવનારો છટકી જાય. પકડીને ગોંધી રાખજો. જે પકડે તેને ભારે ઈનામ મળશે.

ઇનામની લાલચ ભારે. ત્રણ રાત ને ત્રણ દિવસ તો અમલદારો જાગતાજોધ રહ્યા. કોઈને પણ પૂરી તપાસ વિના જવા જ ન દે ને!

એમ કરતાં કરતાં પેલા વડા રાવબહાદુર તો

પેરીસ પધાર્યા, ને મુકામે ગયા. ગાંસડાપોટલાં મૂકાવી તે ભાઇ કપડાં બદલવા ગયા. મોટા માણસ, એટલે કપડાંય વારે વારે બદલે તો. ને બદલતાં વાર પણ ઘણી લાગે. જતાં જતાં નોકરને સૂચના આપી કે બધા ગાંસડાપોટલાં છોડી ઠીકઠાક કરી દેજે.

થોડી વારે દીવાનખાનામાં આવ્યા. જુએ છે તો એના લખવાના ટેબલ પર એક નાનકડી પેટી પડેલી. પેટી સરસ હતી, રૂપાળી હતી. મથાળેજ એનું પોતાનું નામ લખી કાગળ ચોટાડેલો.

આ વળી ક્યાંથી આવ્યું ?—એમ કહી એ ભાઇએ તો એ પેટી લીધી ને ઉઘાડી. જુએ છે તો..........

હા હા હા હા ! એણે ખરીદેલું પેલું જીનીવાનું ઝવેરાત !

ઓ ય બાપલિયા ! એ ક્યાંથી આવ્યું ? કેમ આવ્યું ? આમ કેમ ?

અમલદાર તો ભારે મૂઝવણમાં પડયા. તરત નોકરને બોલાવ્યો: અલ્યા, આ પેટી ક્યાંથી આવી ?

પેલા કહે: કેમ સાહેબ ? એ તો આપના પોટલામાંજ હતી. આવી સરસ હતી એટલે મેં ટેબલ પર ગોઠવી. બીજી મને કંઇ ખબર નથી.

નોકર વિશ્વાસુ હતો. જાનો હતો. એનું કહેવું ખોટું હોયજ નહિ !

પણ ત્યારે આ બન્યું કેમ ? હું તો ચોર પકડવા ગયો ત્યાં તો ચોરે મનેજ થાપટ મારી. એ કેમ બન્યું હશે ? એણે તો ખૂબ તપાસ ચલાવી. આખરે લાંબે વખતે એ ભેદ સમજાયો.

એ ભાઇસાહેબ જીનીવામાં એક મોટી સરસ વીશીમાં ઊતરેલા. એ વીશીનો નોકર પેલા બોએતનો મળતિયો. ઝવેરીએ પેટી એને સોંપેલી. તેણે એકાદ પોટલામાં ગૂપચૂપ ઘુસાડી દીધેલી. હવે વડા અમલદારનાં પોટલાં ! તેને તે વળી કોઇ તપાસવાનું હતું ? એટલે એ પોટલાં જેવાં ને તેવાં ઠેઠ પેરીસ પહોંચ્યા. ને ત્યાં પેલું ઝવેરાત ટેબલ પર જઇ પડયું !

આમ, ચોરને પકડવા જતાં, અમલદારસાહેબ પોતે જ અજાણ્યે ચોર થઇ બેઠા !

કેવી ચાલાકી ! બોએતે કેવી બુદ્ધિ લડાવી !

૧૫ : કારીગરની કરામત

નદિયા બંગાળામાં આવેલું છે. નદિયા કલકત્તથી બહુ દૂર નથી. ત્યાં એક વાર કૃષ્ણચન્દ્ર રાજા રાજ કરે. એના

નામ પરથી જ એ જીલ્લાનું નામ કૃષ્ણનગર પડેલું.

એ રાજા ઘણો સારો હતો. પ્રજાનું રક્ષણ કરે. તેનાં સુખદુઃખ તપાસે. વળી સારા સારા માણસોની કદર કરે. સારો ગવૈયો, ચીતારો, સારો પંડિત, સૌ એને ત્યાં નભે. બધા પર એ પ્રેમ રાખે. તેમનું માન વધારે. કદિ તેમને ખોટું ન લાગવા દે.

કૃષ્ણનગરના કારીગરો માટીકામ સરસ બનાવે. માટીનાં પૂતળાં, માટીનાં વાસણ, માટીનાં રમકડાં એમનાં જ સરસ. એ કુંભારોને રાજ તરફથી સારી મદદ મળે. જાતજાતનાં ઇનામ મળે, માલ પણ ખરીદ થાય. કોઇ કોઇને તો ખેડી ખાવા જમીન પણ મળેલી. એ જમીન પર રાજા વેરો સુદ્ધાં ન લે.

ને એ સિવાય એક બીજી ગોઠવણ હતી. રાજાની વરસગાંઠ બધા રાજમાં ઊજવાય. અહીં પણ ઊજવાતી. તે દહાડે બહુ રમતગમત ને મોજમઝા ચાલે. દરબાર ભરાય. ત્યાં રાજા બધા કારીગરોને બોલાવે, તેમનું નવું નવું કામ જુએ, ને ઈનામ આપે. જેનું કામ સૌથી સારૂં હોય તેને પહેલું ઈનામ મળે. દરબારમાં રાજા પોતે જ એ ઈનામો વહેંચી આ .

એવા એક દરબારની જ આ વાત છે.

રાજાની વરસગાંઠ ધામધૂમનો પાર નહિ. દર

દૂરથી માણસો આવેલાં. દરબાર ભર્યોભરપૂર. ગાનતાન ને વાજાં ચાલ્યાં જ કરે. રાજા બેઠા બેઠા જુએ છે.

બધું પૂરું થયું. પછી કારીગરોને ઈનામ આપવાનું શરૂ થયું.

દેશ બધો કારીગરોનો એટલે ઠેરઠેરથી બધા આવેલા. નવી નવી વસ્તુ લાવેલા. કોઇએ માટીનો ફૂલતોરો બનાવેલો. કોઇએ માટીના ફળફળાદિક બનાવેલાં. કોઈએ ખીસકોલી, કબૂતર બનાવેલાં. કોઈ પણ વસ્તુ માટીની ન લાગે. જાણે જીવતી જ જોઈ લેવી.

એક જણે ગુલાબનો છોડ બનાવેલો. રાજાને તે બતાવ્યો. પછી કહ્યું: આ છોડ મેં બનાવ્યો છે. એનાં ફૂલ, પાંદડાં, ડાળી જુઓ. કેવાં સરસ છે? ને ખાસ કહેવાનું એ, કે એના ઉપર ભમરા પણ ગુણગુણ કરતા ભમે છે. ભમરા પણ ભૂલાવો ખાઇ જાય છે.

એક જણે એક વાછરડાનું મુડદું બતાવ્યું. તે કહે: આ કામ જુઓ, મહારાજ! કેટલું આબેહૂબ છે! મેં એને મેદાનમાં મૂકેલું, તે પરથી એના પર ગીધ ઊડીને બેઠેલાં. કોઇ પણ ભૂલી જાય એવું છે. મને પહેલું ઇનામ મળવું જોઇએ.

પછી બીજો આવ્યો. તેણે હરણ બનાવેલું. એ હરણ પર વાઘે હુમલો કરેલો. તે કહે: ગુલાબ તો નાની

વસ્તુ છે. ભમરો અમથો પણ ત્યાં ભટકતો હોય. વાછ-રડાને તો ગીધ સમડીએ દૂરથી જોએલું; માટે ભૂલાવામાં પડેલા; પણ આ હરણ પર તો પાસે આવીને વાઘે હુમલો કરેલો. એ જ સૌથી સરસ ગણાય. મને જ પહેલું ઇનામ મળવું જોઇએ.

આ ત્રણે જણનો ખાસ દાવો હતો. બીજા નાના નાના કારીગરો આવી ગયા ને નાનાં ઇનામ લઇ ગયા. કોઇને સોનાનો ચાંદ, કોઈને રૂપાનો ચાંદ, કોઇને જસતનો ચાંદ, કોઇને રોકડ રૂપિયા એવું બધું મળ્યું.

પણ પહેલું ઇનામ કોને આપવું ? રાજાજી વિમા-સણમાં પડયા. એમને બધાં કામ સારાં લાગ્યાં. પહેલું કોણ, બીજું કોણ તે ન સમજાય.

દરબારમાં બધાને પૂછપરછ ચાલી. પણ એક સરખો મત ન પડે. બધા જુદું જુદું જ કહે. સમજ પડે જ નહિ.

એટલામાં ખૂણે બેઠેલો એક ડોસો આગળ આવ્યો. તે કહેઃ મહારાજ, હુકમ હોય તો હું આ વાતનો તોડ કાઢું.

ડોસાના કપડાંનું ઠેકાણું નહિ. ગાંડા જેવો લાગે. બધાંને થયું: આ કોણ છે ? એ વળી શું તોપ ફોડવાનો છે ?

પણ રાજાજી એમ અકળાય તેવા નહોતા. કપડાં

પરથી કંઇ તે કોઇને ઉતારી ન પાડે. તેને થયું: લાવોને ભાઈ, એ ય જોઇએ.

પછી હસીને બોલ્યા: ઠીક, તું જ તોડ કાઢ. તારો તોડ બધાને પસંદ પડશે તો તને સો મહોરનું ઈનામ આપીશ.

ડોસો બોલ્યો: જો ખરો ઇન્સાફ કરવાનો હોય તો આજનું પહેલું ઈનામ મને આપો. ગુલાબછોડને નહિ, વાછરડાને ય નહિ ને હરણને ય નહિ ! મને જ એ ઇનામ મળવું જોઇએ.

સાંભળીને બધા અજાયબીમાં ગોથા ખાવા લાગ્યા. આ ડોસલો ગાંડોબાંડો તો નથી ? આ કેવો લવારો ?

રાજાએ પૂછ્યું: ભલા માણસ ! એ વાત ક્યાંથી લાવ્યા ? તેં કંઈ બતાવ્યું તો છે નહિ.

ડોસો કહે: માફ કરો મહારાજ. મેં તો ઘણું યે બતાવેલું છે.

સભામાં બધા 'ક્યાં છે ?' 'ક્યાં છે ?' એમ ધીરે ધીરે બોલવા લાગ્યા. ગણગણાટ થઈ રહ્યો.

રાજા બોલ્યા: ક્યાં છે ? મેં તો કંઈ નથી જોયું !

ડોસો કહે: મહારાજ, આપે બધું જોયું જ છે. જોયું છે એટલું જ નહિ પણ હાથમાં લઇને જોયું છે. ને છતાં તે માટીનું છે એમ આપને જરાયે લાગ્યું નથી. આજે

દરબારમાં આપે સોના રૂપા જસતના જે ચાંદ વહેંચ્યા છે તે, મહારાજ, મેં બનાવેલા છે. એમાંનો એકકે સોના, રૂપા કે જસતનો નથી. બધા માટીના છે ! મેં બનાવેલા છે !

આ સાંભળી આખી સભામાં ધમાલ મચી ગઇ. બધા એકમેકનાં મોઢાં જોવા લાગ્યા. આ શું ? એ કેમ બને ? જૂઠો હશે. ગપ્પું મારે છે. તપાસ કરો. જૂઠો હોય તો જેલમાં પૂરો. એમ કંઈ કંઈ વાતો ચાલવા લાગી !

વહેંચાઈ ગયેલા ચાંદ ભેગા કરવામાં આવ્યા. રાજાએ પોતે તે તપાસવા માંડયા. એક ભાંગ્યો—બીજો ભાંગ્યો—હાય, હાય ! આ તો ખરેખર બધા જ માટીના છે. આણે તો સૌને ખરા બનાવ્યા !

પણ રાજા એથી નારાજ નહોતા. તે તો ઉલટા રાજી થયા. આવા કારીગર પણ છે એમ જાણીને તેને ખૂબ હરખ થયો. પણ પછી બોલ્યા: કાકા, આ ચાંદ માટીનો તો છે. તમારી બહાદુરી તો ખરી. પણ તે આ લોકોથી ચઢે કેવી રીતે ? એ તો સમજાવો.

કાકા કહે: એમાં સમજાવવાનું શું, રાજાજી ? સહેલી વાત છે. આ ત્રણ જણાનાં કામથી તો પંખી, પશુ ઠગાયા. ભમરો, ગીધ ને વાઘ ઠગાયા. પણ મારી વસ્તુથી તો માણસ ઠગાયા. માણસ જેવું માણસ ! રાજાજી, આપ પોતે ઠગાયા ! પશુઓમાં સૌથી હોશિયાર, ચાલાક, માણસ !

ને તેમાં પણ આપના જેવાની પાકી નજર ચૂકી ગઇ! પછી તે, મહારાજ, બીજી શી સાબીતી જોઇએ ?

રાજાજી અને બધા દરબારીઓ આ સાંભળી સડક થઇ ગયા! પણ રાજાના હરખનો પાર નહોતો. તેમણે તુરત ડોસાને પહેલું ઇનામ આપ્યું. સો મહોર આપી. ને વધારામાં પોતાના ગળામાંની મોતીની માળા પણ ભેટ દાખલ આપી દીધી!

આખો દરબાર આ ઇન્સાફથી રાજી રાજી થયો. સૌ કોઈ રાજાજીનાં વખાણ કરવા લાગ્યા.

